જન્મદિને વધામણી

મનીષ ટી ખત્રી
પ્રિન્સિપાલ, પ્રેરણા વિદ્યાલય
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨

દૃષ્ટિ મનીષ ખત્રી
મો. ૯૪૨૬૩ ૫૯૫૨૨

પંકજ સી ગાંધી
મો. ૯૪૨૭૩ ૦૭૮૩૪

શેતલબેન કે તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧

જેનિલ કે તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧

ફરહાન યુસુફભાઈ મનસુરી

રમેશચંદ્ર કે શર્મા

સે. ૨૮ ખાતે ફરાળી વાનગી રસોઈ સ્પર્ધા યોજાઈ

ફરાળી કેક, ફરાળી શ્રીખંડ અને ફરાળી ખાંડવી જેવી નવતર વાનીઓ જોઈ નગરજનો દંગ થયા

કૌશલ્ય સંસ્થા દ્વારા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, સેક્ટર-૨૮ ખાતે ફરાળી વાનગીઓ બનાવવાની સ્પર્ધાનું આયોજન ગુરુવારે કરવામાં આવ્યું હતું. નગરનાં ૪૦ જેટલાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક આ સ્પર્ધામાં ભાગ લઈ એક એકથી ચડિયાતી ફરાળી વાનગીઓ બનાવી હતી. પ્રથમ ક્રમનું ઈનામ હેમાબેન (ફરાળી કેક), દ્વિતિય ઈનામ સાધનાબેન (પનીર-બટાટાં પૂરી), તૃતિય ઈનામ ભાવનાબેન (દૂધીની ખિચડી), ચોથું ઈનામ વાસંતીબેન (ફરાળી ખાંડવી) અને પાંચમા ક્રમનું ઈનામ મીનાબેન (શ્રીખંડ) જીતી ગયાં હતાં.

સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે ગીતાબેન ખુમાણ અને હર્ષાબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમના દ્વારા નવિન વાનગીઓનું નિદર્શન પણ સ્પર્ધકોને કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ સંચાલક કૈલાશદીદી, જ્યોતિ મહિલા મંડળનાં અગ્રણી લતાબેન ચોકસી ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર મહાનાગરપાલિકા વૉર્ડ નં. ૧નાં નગરસેવક હર્ષાબા ધાંધલ દ્વારા અને સંચાલન જયશ્રી ખેતિયા દ્વારા કરવામાં આવ્યું હતું

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલ દ્વારા મહાત્મા મંદિર તથા પુસ્તકાલયની મુલાકાત

ગાંધીનગર, તા.૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં આયોજીત શૈક્ષણિક મુલાકાતના કેલેન્ડર સંદર્ભમાં ધો-૭-કની ૫૫ વિદ્યાર્થીની બહેનોએ તા. ૧૩-૭-૨૦૧૭ના રોજ મહાત્મા મંદિરની મુલાકાત લીધી હતી. જેમાં દાંડીકુટિર તથા ગાંધીજીના શૈશવકાળથી તેમના અવસાન સુધીના પ્રસંગોને આવરી લેતુ પ્રદર્શન જોઈ શાળાની વિદ્યાર્થીની બહેનો ખુબ જ પ્રભાવિત થઈ હતી. આ મુલાકાતનું આયોજન શાળાના મ.શિ. શ્રી શિલ્પાબેન ત્રિવેદીએ કર્યું હતું.

તા. ૧૯-૭-૨૦૧૭ના રોજ ધો-૭-એની ૫૭ વિદ્યાર્થીની બહેનોએ સે-૧૭ ખાતે આવેલ મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાત લઈ તેમની કામગીરીની માહિતી મેળવી હતી. ઉપરાંત લાઈબ્રેરીમાં રહેલા પુસ્તકો, સમાચારપત્રો, મેગેઝીનો વગેરેનું સંખ્યબળ જોઈ વિદ્યાર્થીની બહેનોએ મનથી નિર્ણય કરેલ કે ખરેખર 'પુસ્તક એ જ આપણો સાચો મિત્ર છે.' આ મુલાકાતનું આયોજન શાળાના મ.શિ. શ્રી અલકાબેન એન. પટેલે કર્યું હતું.

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી, ભાટ ખાતે

સાઈબર સિક્યુરિટી વિષયે સેમિનારનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૨૨

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી, ભાટ ખાતે શુક્રવારે સાઈબર સિક્યુરિટી વિષયે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ૨૦૦થી વધુ ઍન્જિનીયરિંગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશૉપનો મુખ્ય હેતુ આજના ડિજીટલ યુગમાં સાઈબર સિક્યુરિટીમાં ઉજ્જવળ કારકિર્દી પ્રાપ્ત કરી શકે તે હતો.

આ વર્કશૉપનું આયોજન ઈન્સ્ટીટ્યુટ દ્વારા ટેકડિફેન્સ કંપનીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું, જેમાં કંપનીના સીઈઓ સની વાઘેલા દ્વારા બૅન્કિંગ ફ્રોડ, સાઈબર ઍટેક, હેકિંગ ટુલ્સ, રેન્સમવેર, માલવેર, ટ્રોઝન, ફિશીંગ અને સ્પામીંગ વાઈરસ વિશે વિગતે માહિતી આપવામાં આવી હતી.

ઍમ બી પટેલ સ્કૂલ ખાતે ઓરીઍન્ટેશન કાર્યક્રમ

વિદ્યાર્થી પ્રતિનિધિઓને શપથ લેવડાવાયા, સ્કૂલ ઍપ વિશે વિગતવાર માહિતી વાલીઓને આપવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ખીમજી વિસરામ હૉલમાં આયોજિત આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી, ત્યારબાદ આચાર્ય અર્પિત કિશ્ચિયન દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. સૌ શિક્ષકોના પરિચય બાદ વિદ્યાર્થી પ્રતિનિધિઓ માટે શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુપરવાઈઝર મોનીકાબેન દ્વારા શાળાની કાર્યપધ્ધતિ અંગે માહિતી આપવામાં આવી હતી. સુપર્ણાબેન દ્વારા સ્કૂલ ઍક્ટિવિટી અંગેની વિશદ માહિતી આપવામાં આવી હતી. જુલાઈ માસમાં જે વિદ્યાર્થીઓના જન્મદિન છે એ વિદ્યાર્થીઓને સ્ટેજ પર બોલાવી સન્માનિત કરવામાં આવ્યા હતા.

એઍફઍસ સ્ટુડન્ટ ઍક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ અમેરિકાથી ગાંધીનગર અભ્યાસ માટે આવેલી વિદ્યાર્થીની અનિકા અને કેનેડિયન વિદ્યાર્થીની ન્યુએમીએ પોતાનો પરિચય સૌની સમક્ષ આપ્યો હતો. શાળાની મોબાઈલ ઍપ અંગે પણ વાલીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ આ ઍપ વિશેની સઘળી માહિતી આચાર્ય અર્પિત કિશ્ચિયન દ્વારા વાલીઓ, વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે શિક્ષક યોગેન્દ્રભાઈ દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક સ્નેહાબેન અને રાજભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

સાહિત્ય સભાની અફલાતૂન કાવ્ય શિબિર

રાજ્યભરમાંથી આવેલા ૬૫ જેટલા નવોદિત કવિઓએ કાવ્યસર્જન માટે અમોલું ભાથું મેળવ્યું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા શ્રી સ્વામીનારાયણ ગુરુકુળના સૌજન્યથી અને યજમાનપદે શુક્રવારે ગાંધીનગર ખાતે કાવ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યભરમાંથી આવેલા નવોદિત કવિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ, ટાવર બિલ્ડીંગ, સેક્ટર-૨૩ ખાતે આયોજિત આ શિબિરમાં વરસતા વરસાદને બંધન નહીં, પરંતુ કાવ્યસર્જન માટે પ્રોત્સાહન ગણતા હોય એમ રાજ્યના દૂર-સુદૂરના જિલ્લાઓના ૬૫ જેટલા કવિઓએ છલકાતાં હૈયે ભાગ લીધો હતો. કવિઓના જિલ્લા જેમ અલગ-અલગ હતા એમ એમની વયમાં પણ ભિન્નતા હતી. ૧૮ વર્ષથી માંડીને ૭૮ વર્ષથી વધુની વયના કવિઓએ આ કાવ્ય શિબિરમાં ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે રાજ્યભરમાંથી આવેલા આ કવિઓની આ શિબિર માટે પસંદગી તેમની કાવ્યકૃતિના માધ્યમથી કરવામાં આવી હતી.

ગાંધીનગર સાહિત્ય સભાના ઈતિહાસમાં પ્રથમવાર યોજાયેલા આ વિશેષ કાર્યક્રમના વક્તાઓએ પણ શિબિરને યાદગાર બનાવી દીધી હતી. સૌપ્રથમ વક્તવ્ય ભાગ્યેશ જહા દ્વારા આપવામાં આવ્યું હતું. કવિતાના આલેખનમાં ભાવ અને કલ્પનની સુંદર વાત એમણે પોતાની કવિતાઓનાં ઉદાહરણ સાથે અને પોતાની હળવી, પ્રભાવી શૈલીમાં એવી અસરકારક રીતે કરી કે એમની પ્રભાવી વાણીમાં શ્રોતાઓ આપમેળે વહી ચાલ્યા હતા. સંસ્કૃતપ્રચૂર અનુભવી વાણી અને આબાલવૃધ્ધ સૌને સ્પર્શી જાય એવી કવિતાઓથી એમણે શિબિરાર્થીઓનાં દિલ જીતી લીધાં હતાં. એ પછી યુવાન કવિ અનિલ ચાવડાએ ગીત અને ગઝલ વિશેની ઊંડાણપૂર્વકની માહિતી આપીને શિબિરાર્થીઓને રસતરબોળ કરી દીધા હતા.

અસરકારક કાવ્ય સર્જન માટે ભાષા પણ જરૂરી છે એ વાતની અગત્ય સમજતાં શિબિરાર્થીઓ માટે ભાષાની સમજની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ભાષા માટે અને ભાષા સાથે જીવેલા સારસ્વત ઉમાકાન્તભાઈ રાજ્યગુરુએ સાચી ગુજરાતી ભાષા માટે એવી સુંદર સમજ આપી હતી કે એ સમજ સૌ શિબિરાર્થીઓના ગળા નીચે શીરાની જેમ ઊતરી ગઈ હતી. ગુજરાતી વ્યાકરણનો વર્ગ ચાલતો હોય એટલી ઊંડાણથી એમણે ભાષાની સમજ શિબિર અંતર્ગત આપી હતી, જેને શિબિરાર્થીઓએ પૂરા રસથી માણી ને વખાણી હતી. ત્યારબાદ કાવ્યમાં છંદના મહત્ત્વ વિશેની માહિતી કનૈયાલાલ ભટ્ટ દ્વારા આપવામાં આવી હતી અને શિબિર અંતર્ગત અંતિમ સત્ર ખ્યાત કવિ અને ગાંધીનગર સાહિત્ય સભાના સ્થાપક પ્રમુખ હરિકૃષ્ણ પાઠક દ્વારા લેવામાં આવ્યું હતું. અસરકારક કાવ્ય સર્જન માટે એમણે પોતાના અનુભવની વાત એમણે શિબિરાર્થીઓને કરી હતી.

કાર્યક્રમનો પ્રારંભ ગુરુકુળના સંચાલક રામકૃષ્ણ સ્વામી, ગુડાના ચૅરમૅન આશિષ દવે તથા યજમાન સ્કૂલના પ્રિન્સિપાલ ઉમંગ વાછાણીના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ દ્વારા સ્વાગત પ્રવચન અને ઉપપ્રમુખ સંજય થોરાત દ્વારા કાવ્યશિબિરના આયોજન વિશે વિગતે વાત કરવામાં આવી હતી. એ પછી કવિ રમેશ ઠક્કર દ્વારા ઉપોદ્ઘાત સ્વરૂપે કાવ્યના સર્જનની વાત કરવામાં આવી હતી.

શિબિરના સમાપન ટાણે સૌ શિબિરાર્થીઓનાં શિબિર અંગેનાં મંતવ્યો પણ મેળવવામાં આવ્યાં હતાં અને તેમને ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીના હસ્તે પ્રમાણપત્રો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું રસવાહી સંચાલન સાહિત્ય સભાના મંત્રી કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યોએ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી કાવ્યશિબિરનો લાભ પ્રાપ્ત કર્યો હતો. સમગ્ર શિબિર દરમિયાન વરિષ્ટ સાહિત્યકાર દોલત ભટ્ટની ઉપસ્થિતિ આયોજકો અને શિબિરાર્થીઓ માટે પ્રેરણાત્મક બની રહી હતી.

રાજ્યભરમાંથી આવેલા વિવિધ વયજૂથના શિબિરાર્થીઓ, એમના ઉત્સાહ, વક્તાઓનાં અસરકારક વક્તવ્યો અને સુચારુ સંચાલનને કારણે સાહિત્ય સભાના ઉપપ્રમુખ સંજય થોરાતના આયોજનમાં આયોજિત આ શિબિરે ગાંધીનગર સાહિત્ય સભાના ઈતિહાસમાં એક સુવર્ણ પૃષ્ઠનું ઉમેરણ કર્યું હતું.

ડેઈલી કરંટ

દર્શન માડ
95862 87447

(૧) નવનિયુક્ત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દેશના કેટલામા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે?
(એ) ૧૩મા
(બી) ૧૪મા
(૩) ૧૫મા
(૪) ૧૬મા

(૨) ૨૦૧૭માં આયોજિત રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કુલ કેટલા સાંસદોએ મતદાન કર્યું હતું ?
(એ) ૭૬૮
(બી) ૭૮૬
(૩) ૬૮૭
(૪) ૮૬૭

(૩) રાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિવિધ રાજ્યોની વિધાનસભામાંથી કુલ કેટલા ધારાસભ્યોએ મતદાન કર્યું હતું ?
(એ) ૪૦૮૧
(બી) ૪૦૮૨
(૩) ૪૦૮૩
(૪) ૪૦૮૪

(૪) ૨૦૧૭માં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઍનડીએના ઉમેદવાર શ્રી રામનાથ કોવિંદને કુલ કેટલા સાંસદોના મત મળ્યા હતા?
(એ) ૫૨૧
(બી) ૫૨૨
(૩) ૫૨૩
(૪) ૫૨૪

(૫) ૨૦૧૭માં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં યુપીએના ઉમેદવાર મીરા કુમારને કેટલા સાંસદોના મત મળ્યા હતા ?
(એ) ૨૨૨
(બી) ૨૨૩
(૩) ૨૨૪
(૪) ૨૨૫

(૬) રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દરેક સાંસદના એક મતનું મૂલ્ય કેટલું હતું ?
(એ) ૭૦૬
(બી) ૭૦૭
(૩) ૭૦૮
(૪) ૭૦૯

(૭) રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રામનાથ કોવિંદને કેટલા ટકા મત મળ્યા હતા ?
(એ) ૬૫.૬૫
(બી) ૬૬.૬૬
(સી) ૬૭.૬૭
(ડી) ૬૮.૬૮

(૮) રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મીરા કુમારને કેટલા ટકા મત મળ્યા હતા ?
(એ) ૩૪.૩૪
(બી) ૩૪.૩૫
(સી) ૩૪.૩૬
(ડી) ૩૪.૩૭

(૯) રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રામનાથ કોવિંદને કુલ કેટલા મત મળ્યા હતા ?
(એ) ૭,૦૨,૦૪૨
(બી) ૭,૦૨,૦૪૩
(૩) ૭,૦૨,૦૪૪
(૪) ૭,૦૨,૦૪૫

(૧૦) રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મીરા કુમારને કુલ કેટલા મત મળ્યા હતા ?
(એ) ૩,૬૭,૩૧૪
(બી) ૩,૬૭,૩૧૫
(૩) ૩,૬૭,૩૧૬
(૪) ૩,૬૭,૩૧૭